

જૈન સાહિત્યનાઅભ્યાસનો અમૂલખ
અવસર આવીને આંગણે ઉભો છે.

જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ સહર્ષ રજૂ કરે છે...
જૈન સાહિત્યનો એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ

વ્યાખ્યાન
૧૭, ૧૮

# વકતા: શ્રી સ્નેહલ શાહ

# વ્યાખ્યાન વિષય: જૈન શિલ્પના અર્થ અને મહત્વની લાક્ષણિકતાઓ

## વક્તા પરિચય

અમદાવાદ સ્થિત **શ્રી સ્નેહલ શાહ** એક સ્થાપત્યકાર છે. તેમણે સી.ઈ.પી.ટી યુનિવર્સિટીથી સ્થાપત્યકલાનો અભ્યાસ કરીને લંડનની આર્કિટેક્ચરલ એસોસિએશન ગ્રેજ્યુએટ સ્કૂલ ખાતે પણ **'સ્થાપત્યના ઈતિહાસ અને તેના સિદ્ધાંત'**નો અભ્યાસ કર્યો છે. તેઓએ સ્વિટ્ઝરલેન્ડ-લુગાનોમાં સ્થાપત્યકાર મારિયો બોટ્ટા સાથે બે વર્ષ કામ કર્યું. ઐતિહાસિક ભારતીય શિલ્પકળા પરત્વે ઊંડો રસ હોવાથી તેમણે અમદાવાદ પરત આવીને પુનઃ અભ્યાસ શરુ કર્યો. તેઓ સી.ઈ.પી.ટી યુનિવર્સિટીના વિઝિટિંગ પ્રોફેસર તરીકે પણ ફરજ નિભાવે છે. તેમના પ્રકાશન વિશે વાત કરીએ તો, **'સ્થાપત્યકલાના નમૂનાઓ અને પશ્ચિમી ભારતની જળ સંરચનાઓ'**નો સમાવેશ થાય છે. તેમણે ભારતમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે '**ભારતીય સ્થાપત્ય'** પર અનેક લેખો લખ્યા છે. પ્રોફેસર ઢાંકીના કામ અને લેખના ઉત્સાહી સમર્થક એવા **શ્રી સ્નેહલ શાહ**ને આપણે ખૂબ જલ્દી સાંભળીશું.

## વ્યાખ્યાન સંક્ષેપ

પ્રસ્તુત બંને વ્યાખ્યાનોમાં જૈન મંદિરોમાં પ્રચલિત એવા હિન્દુ મંદિરોના શિલ્પ-સ્થાપત્યની ઉત્પત્તિ વિશે વાત થશે. જેસલમેર, ઓસિયન, રાણકપુર, દેલવાડા, મોઢેરા અને રાણીની વાવ જેવા મહત્વના જૈન શિલ્પોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. ભારત અને વિદેશોમાં જે જૈન તીર્થો ખૂબજ પ્રચલિત છે તેના ફોટોગ્રાફનું પ્રેઝન્ટેશન કરવામાં આવશે. એ તીર્થ સ્થળો, તેના સમય સાથે કરવામાં આવેલા બદલાવો અંગે વાત કરવામાં આવશે. તીર્થભૂમિની વિશેષતા અને મંદિરની અંદર અને બહાર જે સ્થાપના કરવામાં આવી છે, તેની વાત વિદ્વાન વક્તા સાથે માણીશું.

**૧૮ અને ૧૯ ડિસેમ્બર ૨૦૨૦**
**શુક્રવાર અને શનિવાર**
**સમય રાત્રે ૮ થી ૯**

સત્ર સંચાલક – ડૉ. સેજલ શાહ

**Zoom Meeting Details**

Click Here

Meeting ID: 890 0779 0733
Password: 232678

**YouTube Link**

આજ સુધી થયેલા પ્રાથમિક કોર્સના ૧૨ વ્યાખ્યાનોની લિંક:

Click Here

**મહત્વપૂર્ણ સૂચનો**

- ઓનલાઈનના આ કોર્સમાં દરેક ક્લાસ વખતે બરાબર સમય ઉપર જ જોડવા વિનંતી.
- આપના પ્રશ્નો કોમેન્ટ સેક્શનમાં પૂછવા. બાકી મ્યુટ પર જ આપ રહેશો.
- હેડફોનનો ઉપયોગ હિતાવહ છે. ટેક્નિકલ પ્રશ્નો માટે સંપર્ક કરો : **૯૭૬૯૬ ૫૫૩૪૫**

આમંત્રક: જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ | પ્રેરક : સી.કે.મહેતા | ટ્રસ્ટીગણ: દીપક મહેતા | ઈલા મહેતા | સેજલ શાહ | ભારતી મહેતા | યોગીની શેઠ | બકુલ ગાંધી | દિલીપ શાહ | બિપીન દોશી